# રાજકોટ મહાનગરપાલિકા

## મહેકમ શાખા

ગુજરાત સરકારશ્રીનાં સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૫/૦૨/૨૦૨૨ તેમજ તા.૦૭/૦૬/૨૦૨૪ ના ઠરાવ તેમજ રાજકોટ મહાનગરપાલિકાના હુકમ ક્રમાંકઃ-રા.મ.ન.પા./મહેકમ/૧૯૬૯ તા.૦૧/૦૨/૨૦૨૩ અન્વયે સા.શૈ.પ. કેટેગરીના ઉમેદવારોની જે તે સંવર્ગમાં નિમણુક કરતા પહેલા તેઓના સા.શૈ.પ. ના જાતિ પ્રમાણપત્રોની ખરાઈ/ચકાસણી કર્યા બાદ નિમણુક આપવાની થતી હોય તેઓ પાસેથી જરૂરી વિગતો મેળવી ખરાઈ અર્થે મોકલવાની થાય છે. તેમજ ખરાઈ/ચકાસણી બાદ માન્ય થયેલ ઉમેદવારોને નિમણુક આપવાની થતી હોય સા.શૈ.પ. કેટેગરીના ઉમેદવારોને નિમણુક આપવામાં આવેલ નથી.

નીચેની વિગતેના પંસદગી પામેલ ઉમેદવારોએ સા.શૈ.પ. કેટેગરીના જાતિ પ્રમાણપત્રોની ખરાઈ/ચકાસણી માટે આ સાથે સામેલ ઠરાવ મુજબની સંપુર્ણ વિગતો ભરી તેમજ તમામ માંગેલ આધાર-પુરાવાઓ જમા કરાવવા માટે આગામી તા.૧૯/૦૯/૨૦૨૫ ના રોજ મહેકમ શાખા, સેન્ટ્રલ ઝોન, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેન્ડ પાસે, રાજકોટ મહાનગરપાલિકા ખાતે સવારે ૧૧:૦૦ કલાકે હાજર રહેવાનું રહેશે.

સ્ટાફ સિલેક્શન કમિટીનાં તા.૦૪/૦૯/૨૦૨૫ ની કાર્યવાહી નોંધના આધારે જુનિયર ક્લાર્કની જગ્યા પર સા.શૈ.પ. કેટેગરીમાં પસંદગી પામેલ ઉમેદવારોની યાદી નીચે મુજબ છે.

| કેટેગરી:સા.શૈ.પ. | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | રોલનં. | નામ | જન્મતારીખ | ઉમેદવારની કેટેગરી | નિમણુંકની કેટેગરી |
| 1 | 13015571 | અર્જુન રાજુભાઈ રાઠોડ | 13-01-2000 | સા.શૈ.પ. | બિનઅનામત |
| 2 | 23002262 | કાળાભાઈ આલાભાઈ આયર | 05-02-2002 | સા.શૈ.પ. | બિનઅનામત |
| 3 | 23019027 | યુવરાજસિંહ રતનસંગભાઈ રાઠોડ | 16-10-1996 | સા.શૈ.પ. | બિનઅનામત |
| 4 | 13006154 | અનિરૂદ્ધ વજુભાઈ જાદવ | 07-01-1998 | સા.શૈ.પ. | બિનઅનામત |
| 5 | 13018019 | અલ્તાફ હારૂનભાઈ શેખ | 28-02-1998 | સા.શૈ.પ. | બિનઅનામત |
| 6 | 33003343 | જીગરકુમાર નાનજીભાઈ ચૌધરી | 07-01-2000 | સા.શૈ.પ. | બિનઅનામત |
| 7 | 23009310 | મિલનકુમાર કાળુભાઈ કાણોતરા | 20-07-2000 | સા.શૈ.પ. | બિનઅનામત |
| 8 | 23007997 | યશ રાજેન્દ્રકુમાર રાવ | 27-11-2000 | સા.શૈ.પ. | બિનઅનામત |
| 9 | 13003119 | નૈનેષકુમાર વિરમભાઈ વાડલીયા | 26-08-2001 | સા.શૈ.પ. | બિનઅનામત |
| 10 | 13012502 | અર્જુન પ્રમોદપરી ગોસ્વામી | 07-11-1995 | સા.શૈ.પ. | બિનઅનામત |
| 11 | 13008617 | ભગીરથકુમાર લાભુભાઈ વૈશ | 20-08-1998 | સા.શૈ.પ. | બિનઅનામત |
| 12 | 23024164 | નિસર્ગકુમાર દિલીપભાઈ પ્રજાપતિ | 31-08-1998 | સા.શૈ.પ. | બિનઅનામત |
| 13 | 23018349 | જયકુમાર હસમુખભાઈ ચૌધરી | 30-03-2000 | સા.શૈ.પ. | બિનઅનામત |
| 14 | 23004570 | હરદીપ જગદીશભાઈ લકુમ | 10-12-2001 | સા.શૈ.પ. | બિનઅનામત |
| 15 | 23013433 | વિક્રમભાઈ ભરતભાઈ પાણકુટા | 09-06-2002 | સા.શૈ.પ. | બિનઅનામત |
| 16 | 13001620 | પાયલ કેશુભાઈ ચાવડા | 24-01-2003 | સા.શૈ.પ. | બિનઅનામત(મહિલા) |
| 17 | 13008297 | મિલવ ભરતકુમાર ચુડાસમા | 15-06-1993 | સા.શૈ.પ. | બિનઅનામત |

રાજકોટ મહાનગરપાલિકા
મહેકમ શાખા
*

| | | | | | |
|---|---|---|---|---|---|
| 18 | 13023534 | પ્રિએન ભગવાનજીભાઈ ડાંગર | 23-07-1996 | સા.શૈ.પ. | સા.શૈ.પ. |
| 19 | 23002952 | અમિતકુમાર માવજીભાઈ સોલંકી | 28-01-1998 | સા.શૈ.પ. | સા.શૈ.પ. |
| 20 | 23008771 | મેહુલભાઈ હેમુભાઈ કલોત્રા | 20-07-2002 | સા.શૈ.પ. | સા.શૈ.પ. |
| 21 | 13014749 | ધર્મેશ જગદીશભાઈ બોરખતરીયા | 02-09-2002 | સા.શૈ.પ. | સા.શૈ.પ. |
| 22 | 13019165 | ધીરેન રવિન્દ્ર ગોહેલ | 18-11-1993 | સા.શૈ.પ. | સા.શૈ.પ. |
| 23 | 23023053 | અનિલકુમાર રાજુભાઈ વઢેર | 21-07-1994 | સા.શૈ.પ. | સા.શૈ.પ. |
| 24 | 23023338 | પ્રશાંતકુમાર ઘનશ્યામભાઈ પીપાવત | 28-11-1994 | સા.શૈ.પ. | સા.શૈ.પ. |
| 25 | 13009804 | અજય દિનેશભાઈ કાચા | 21-04-1996 | સા.શૈ.પ. | સા.શૈ.પ. |
| 26 | 33000963 | ધર્મેશ ભીખુભાઈ મકવાણા | 03-11-1997 | સા.શૈ.પ. | સા.શૈ.પ. |
| 27 | 13009120 | દિપાલીબેન અરવિંદભાઈ સાકરીયા | 16-02-1992 | સા.શૈ.પ. | બિનઅનામત(મહિલા) |
| 28 | 13016604 | કિંજલ રમેશભાઈ રાઠોડ | 04-02-1999 | સા.શૈ.પ. | બિનઅનામત(મહિલા) |
| 29 | 23003919 | ક્રિષ્ના અશોકભાઈ ખાંભલીયા | 12-05-2001 | સા.શૈ.પ. | બિનઅનામત(મહિલા) |
| 30 | 13024169 | ગોપી કિશોર ભાઈ રાવલીયા | 01-04-2000 | સા.શૈ.પ. | બિનઅનામત(મહિલા) |
| 31 | 23015662 | ધ્રુવીબેન હરગોવનભાઈ દેસાઈ | 18-02-2001 | સા.શૈ.પ. | બિનઅનામત(મહિલા) |
| 32 | 13021809 | દેવ્યાંશી ભગુભાઈ ખુમાણ | 15-11-2002 | સા.શૈ.પ. | બિનઅનામત(મહિલા) |
| 33 | 13013645 | રીંકલ ભાવેશભાઈ ચૌહાણ | 25-10-1995 | સા.શૈ.પ. | સા.શૈ.પ.(મહિલા) |
| 34 | 13001725 | નિરાલી શંભુભાઈ વાણીયા | 06-10-1996 | સા.શૈ.પ. | સા.શૈ.પ.(મહિલા) |
| 35 | 13023441 | યશોધરા રાજેશગીરી ગોસ્વામી | 18-05-2000 | સા.શૈ.પ. | સા.શૈ.પ.(મહિલા) |
| 36 | 13010656 | કૃપા રાજેશભાઈ કુકડીયા | 09-01-2001 | સા.શૈ.પ. | સા.શૈ.પ.(મહિલા) |
| 37 | 13023533 | કિંજલબેન કાનાભાઈ નંદાણીયા | 03-02-2003 | સા.શૈ.પ. | સા.શૈ.પ.(મહિલા) |
| 38 | 13006658 | જાનવી કિરીટભાઈ સોલંકી | 28-02-2003 | સા.શૈ.પ. | સા.શૈ.પ.(મહિલા) |
| 39 | 13012648 | શિવાની રાજેશભાઈ ચાવડા | 30-03-2003 | સા.શૈ.પ. | સા.શૈ.પ.(મહિલા) |
| 40 | 13024794 | મોહિની નારણભાઈ ડોડીયા | 24-12-1992 | સા.શૈ.પ. | સા.શૈ.પ.(મહિલા) |
| 41 | 13010031 | ડીમ્પલબેન હમીરભાઈ સુવા | 28-01-1994 | સા.શૈ.પ. | સા.શૈ.પ.(મહિલા) |
| 42 | 13007908 | બહાદુરભાઈ નાગભાઈ લાલુ | 01-06-1983 | સા.શૈ.પ. (માજી સૈનિક) | સા.શૈ.પ. (માજી સૈનિક) |
| 43 | 13004259 | કીર્તીકુમાર કાનજીભાઈ હડિયા | 19-03-1986 | સા.શૈ.પ. (માજી સૈનિક) | સા.શૈ.પ. (માજી સૈનિક) |
| 44 | 13021494 | કાનાભાઈ રણમલભાઈ ગરેજા | 13-08-1986 | સા.શૈ.પ. (માજી સૈનિક) | સા.શૈ.પ. (માજી સૈનિક) |
| 45 | 13006473 | નિકુંજ કુમાર અરવિંદભાઈ પરમાર | 16-03-1984 | સા.શૈ.પ. (માજી સૈનિક) | સા.શૈ.પ. (માજી સૈનિક) |
| 46 | 13001483 | કરશન રણમલ મારૂ | 06-04-1987 | સા.શૈ.પ. (માજી સૈનિક) | સા.શૈ.પ. (માજી સૈનિક) |
| 47 | 13005527 | શૈલેષભાઈ જગદીશભાઈ ડાભી | 06-10-1985 | સા.શૈ.પ. (માજી સૈનિક) | સા.શૈ.પ. (માજી સૈનિક) |
| 48 | 13003440 | પ્રવિણભાઈ ધનાભાઈ પટેલ | 12-08-1986 | સા.શૈ.પ. (માજી સૈનિક) | સા.શૈ.પ. (માજી સૈનિક) |
| 49 | 23000616 | પિન્ટુકુમાર બંસીલાલ ચૌહાણ | 29-11-1979 | સા.શૈ.પ. (માજી સૈનિક) | સા.શૈ.પ. (માજી સૈનિક) |
| 50 | 13000625 | સુરેશ કાનજીભાઈ લખધીર | 26-08-1984 | સા.શૈ.પ. (માજી સૈનિક) | સા.શૈ.પ. (માજી સૈનિક) |
| 51 | 13000919 | વસીમ તૈયબભાઈ સીડા | 25-02-1985 | સા.શૈ.પ. (માજી સૈનિક) | સા.શૈ.પ. (માજી સૈનિક) |
| 52 | 13004586 | દિપક ભીખાભાઈ રાઠોડ | 10-05-1985 | સા.શૈ.પ. (માજી સૈનિક) | સા.શૈ.પ. (માજી સૈનિક) |
| 53 | 23007415 | કનૈયાલાલ માણેકચંદ સામરિયા | 16-12-1986 | સા.શૈ.પ. (માજી સૈનિક) | સા.શૈ.પ. (માજી સૈનિક) |
| 54 | 23005443 | મનહરસિંહ રણજીતસિંહ ઝાલા | 20-01-1984 | સા.શૈ.પ. (માજી સૈનિક) | સા.શૈ.પ. (માજી સૈનિક) |
| 55 | 13027446 | કાજલબેન ગોવિંદભાઈ નંદાણીયા | 04-01-1996 | સા.શૈ.પ. P .H . | સા.શૈ.પ. P .H .–C (મહિલા) |
| 56 | 23001627 | હિતેશભાઈ ભુરાભાઈ માળી | 25-05-2001 | સા.શૈ.પ. P .H . | સા.શૈ.પ. P .H .–A |
| 57 | 13001953 | ભૂમિકા કિશોરભાઈ સોલંકી | 07-10-1997 | સા.શૈ.પ. P .H . | સા.શૈ.પ. P .H .–B (મહિલા) |

રાજકોટ મહાનગરપાલિકા
મહેકમ શાખા
*

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને નિમણૂક આપતા પૂર્વે જાતિ પ્રમાણપત્રોની ચકાસણી/ખરાઈ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૨૨/૮૬૩૫/અ,
સચિવાલય ગાંધીનગર
તા.૦૭/૦૬/૨૦૨૪

વંચાણે લીધા:

(૧) The Gujarat Scheduled Castes, Scheduled Tribes and Other Backward Classes (Regulation of Issuance and Verification of Certificates) Act,2018

(૨) આ વિભાગનો તા.૨૬/03/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક:-સશપ/૧૪૦૮/૧૭૫૬/અ

(3) આ વિભાગનો તા.૨૫/૦૨/૨૦૨૨નો સમાનાંકી પરિપત્ર

(૪) Social Justice and Empowerment Department's Notification No.GHL/2019/03/SSP/122019/129091/A Dated,:-09/03/2019.

(૫) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૮/૦૫/૨૦૨૪નો પત્ર ક્રમાંક:-વિજાક/જાપ્રપ/દરખાસ્ત/૨૦૨૪-૨૫/૧૬૩૩

પ્રસ્તાવના:-

વંચાણે લીધા ક્રમાંક (૧) ઉપરના The Gujarat Scheduled Castes, Scheduled Tribes and Other Backward Classes (Regulation of Issuance and Verification of Certificates) Act,2018ની જોગવાઈ અનુસાર અનામત વર્ગોના ઉમેદવારોને નિમણૂક આપતા પહેલાં જાતિ પ્રમાણપત્રોની ખરાઈ કરવાની રહે છે. જે અન્વયે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રોની ખરાઈની કામગીરી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે. વંચાણે લીધા ક્રમાંક (૨) ઉપરના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના જાતિ પ્રમાણપત્રોની ચકાસણી/ખરાઈ અર્થે રાજ્ય કક્ષાની વિશ્લેષણ સમિતિની રચના કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક:-(3) ઉપરના આ વિભાગના તા.૨૫/૦૨/૨૦૨૨ના પરિપત્રથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને નિમણૂક આપતા પૂર્વે જાતિ પ્રમાણપત્રોની ચકાસણી/ખરાઈ કરવા બાબત અંગે જરૂરી સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

વધુમાં, જાતિ પ્રમાણપત્રની ચકાસણી માત્ર ભૌતિક ખરાઈ પુરતી સીમિત નથી, પરંતુ આ ચકાસણીના સંદર્ભમાં સંબંધિત ઉમેદવાર ખરેખર જે તે જાતિ પૈકીની જાતિના છે કે કેમ ? તે અંગે ઉંડાણપૂર્વક ચકાસણી કરવામાં આવતી હોઈ આવા ઉમેદવારોની જાતિ, ગુજરાતના મૂળ

વતની હોવા અંગેના પર્યાપ્ત આધારો મેળવીને તથા ચકાસણી કરીને ઉમેદવારના જે તે જાતિ અંગેના દાવાની યોગ્યતા અંગે નિર્ણય લેવામાં આવે છે. આ પ્રક્રિયા સંવેદનશીલ તેમજ ઉમેદવારના ભવિષ્યને સીધી રીતે અસરકર્તા છે. આથી સરકારી સેવાઓમાં નિમણૂકમાં વિલંબ નિવારવા માટે વંચાણે લીધા ક્રમાંક:-(૪) ઉપરના નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણના પત્રથી આ અંગે જરૂરી સૂચનાઓ પ્રસિધ્ધ કરવા વિનંતી કરવામાં આવેલ. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રોની ચકાસણી પ્રક્રિયા સ્પષ્ટ અને ઝડપી બનાવવા તેમજ વાસ્તવિક અરજદારને જ લાભ મળે તે માટે જરૂરી સૂચનાઓ પ્રસિદ્ધ કરવાની બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

આ વિભાગના તા.૨૫/૦૨/૨૦૨૨ના પરિપત્ર ક્રમાંક:-સશપ/૧૨૨૦૨૨/૮૬૩૫/અ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ સૂચનાઓ આથી રદ્દ કરવામાં આવે છે. રાજ્ય સરકારની સેવાઓમાં નિમણૂક આપતાં પહેલાં સત્તાધિકારી દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રની ચકાસણી/ખરાઈની પધ્ધતિ નિયત કરવા અંગે થયેલ કાળજીપૂર્વકની વિચારણાને અંતે નીચે મુજબની સૂચનાઓ અમલમાં મૂકવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) સંબંધિત વિભાગ/ખાતાના વડા દ્વારા જે ઉમેદવારોના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના જાતિ પ્રમાણપત્રોની ચકાસણી કરાવવાની થતી હોય તેવા તમામ ઉમેદવારો પાસેથી આ સાથે સામેલ રાખેલ નિયત ફોર્મમાં વિગતો તથા આધારપુરાવાની નકલો મેળવીને પરિશિષ્ટ-અ મુજબના નિયત ફોર્મ સાથે મોકલવાની રહેશે .

(૨) ઉમેદવારો તરફથી રજૂ થયેલ આધાર -પુરાવાની તેના અસલ પુરાવા સાથે ખરાઈ કરીને સંબંધિત વિભાગ/ખાતાના વડાની કચેરીના અધિકૃત અધિકારી દ્વારા ફોર્મમાં નક્કી કરેલ જગ્યાએ સહિ/સિક્કા સાથે જરૂરી પ્રમાણપત્ર અચૂક આપવાનું રહેશે.

(3) સંબંધિત વિભાગ/ખાતાના વડાની કચેરી દ્વારા તમામ ઉમેદવારો પાસેથી મળેલ નિયત ફોર્મ તેની સાથેના આધાર પુરાવા સહિત એકત્રિત કરી તમામ ઉમેદવારોના ફોર્મ તથા નામ, સરનામા, ઈ-મેઈલ, તથા સંપર્ક અંગેની વિગતો સહિતની યાદી એકસાથે નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગરને મોકલી આપવાની રહેશે.

(૪) વિવિધ ભરતી સંસ્થાઓ દ્વારા થતી વર્ગ – ૧ અને ૨ ની ભરતીઓમાં ઉત્તીર્ણ થતાં ઉમેદવારોને નિમણૂક આપતાં પૂર્વે સંબંધિત વિભાગ/ખાતાના વડાની કચેરી દ્વારા મળતી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોની જાતિ પ્રમાણપત્રની ખરાઈ અંગેની

દરખાસ્તની ચકાસણીની કાર્યવાહી નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણની કક્ષાએથી કરવાની રહેશે.

(૫) વિવિધ ભરતી સંસ્થાઓ દ્વારા થતી વર્ગ – ૩ ની ભરતીઓમાં પસંદગી પામેલ સા.શૈ.પ.વ.ના ઉમેદવારોની સંખ્યા ખૂબ વધુ હોય અને ઝડપી તેમજ સમયમર્યાદામાં જાતિ પ્રમાણપત્રોની ચકાસણી/ખરાઈ કરવાની જરૂરિયાત ઉદ્દભવે ત્યારે નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ આવા ઉમેદવારોને ફળવાતા જિલ્લામાં સંબંધીત જિલ્લા નાયબ નિયામકશ્રી / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, વિકસતી જાતિ કલ્યાણના અધ્યક્ષસ્થાને બનાવવામાં આવેલ ટીમ થકી જાતિ પ્રમાણપત્રની ચકસણી / ખરાઇ કરાવી શકશે.

(૬) જાતિ પ્રમાણપત્રની ચકાસણી / ખરાઇ કરતી વખતે કોઇ શંકાસ્પદ જણાય તેવા કિસ્સાઓમાં સંબંધિત જિલ્લા નાયબ નિયામક (વિ.જા.) / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) એ પોતાના રીમાર્કસ તેમજ સ્વયંસ્પષ્ટ અભિપ્રાય સાથે આવા પ્રમાણપત્રો તેઓની કક્ષાએ થયેલ તમામ કાર્યવાહી તેમજ આધાર-પુરાવાઓ પ્રમાણિત કરી, નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણની કચેરી મારફતે રાજય કક્ષાની વિશ્લેષણ સમિતિ સમક્ષ રજૂ કરવાના રહેશે.

ઉપરોક્ત સૂચનાનું ચૂસ્તપણે પાલન થાય તે સુનિશ્ચિત કરવા વહીવટી વિભાગોને આથી જણાવવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૦૫/૦૬/૨૦૨૪ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જી.પી.પટેલ)
સંયુક્ત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

બિડાણ: નિયત ફોર્મ(પરિશિષ્ટ-અ)

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.(પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય,ગાંધીનગર.

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે વિભાગોના અધિક મુખ્ય સચિવશ્રીઓ/અગ્રસચિવશ્રીઓ/સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર. (આ સૂચના તાબા હસ્તકના વડાઓ તથા પ્રાદેશિક અધિકારીઓના ધ્યાને લાવવાની વિનંતી સહ)
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, સચિવાલય, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ. ગાંધીનગર.(પત્ર દ્વારા)
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, , ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. શાખાના ઠરાવો સાથે ઓનલાઇન પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- ના.સે.અધિકારીશ્રીનીસિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ

(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:સશપ/૧૨૨૦૨૨/૮૬૩૫/અ તા.૦૭/૦૬/૨૦૨૪ નું બીડાણ)

# સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રની ચકાસણી માટે ઉમેદવારે રજૂ કરવાની થતી વિગતોનું ફોર્મ

## પરિશિષ્ટ-અ

**(ફોર્મ ભરતા પહેલાં ફોર્મ સાથેની સુચનાઓ અવશ્ય વાંચવી)**

પ્રતિ,

નિયામકશ્રી,

નિયામક વિકસતી જાતિ કલ્યાણની કચેરી,

બ્લોક નં. ૪/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**વિષય :- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રની ચકાસણી બાબત**

શ્રીમાન સાહેબ,

રાજય સરકારશ્રી હેઠળના ................................................. વિભાગ/ ખાતા હેઠળની (હોદ્દો) ........................................... ની જગ્યા ઉપર ભરતી સંદર્ભે મેં રજુ કરેલ મારા ............................... જાતિના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રની ચકાસણી માટે મારી નીચે મુજબ વિગતો અને આધારો રજૂ કરૂ છું.

| | | | |
|---|---|---|---|
| ૧ | ઉમેદવારનું પુરૂ નામ | : | |
| ૨ | ઉમેદવારના પિતાનું પુરૂંનામ | : | |
| ૩ | હાલનું સરનામું<br>(પુરૂ સરનામુ પીન કોડ નંબર સહિત દર્શાવવું ) | : | |
| ૪ | કાયમી સરનામું<br>(પુરૂ સરનામુ દર્શાવવું ) | : | |
| ૫ | ઉમેદવારની જાતિ | : | |
| ૬ | મૂળ વતન | : | ગામ: ............................તાલુકો: ........................<br>જિલ્લો: ....................... રાજય: ........................ |
| ૭ | ઇ-મેઇલ એડ્રેસ | : | |
| ૮ | સંપર્ક માટે મોબાઇલ નંબર/ ટેલીફોન નંબર | : | |
| ૯ | ઉમેદવારના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્ર નંબર તારીખ **(નકલ સામેલ રાખવી)** | : | |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | અગાઉ અન્ય જગ્યા માટેની ભરતી સંદર્ભે આ જાતિ પ્રમાણપત્રની નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ની કચેરી ખાતે ચકાસણી કરાવેલ છે? ( હા / ના ) | | |
| | જો ચકાસણી કરાવેલ હોય તો :- | | |
| | (અ) તેવી જગ્યાનો હોદ્દો અને વિભાગ/ ખાતાની વિગત | : | |
| | (બ) ચકાસણી કરાવ્યાનો માસ/વર્ષ **(આ બાબતના પત્રની નકલ સામેલ રાખવી)** | : | |
| ૧૧ | ઉમેદવારના શાળા છોડ્યાના પ્રમાણપત્રના નંબર તારીખ **(નકલ સામેલ રાખવી)** | : | |
| ૧૨ | ઉમેદવારના પિતા શિક્ષિત હોય તો તેમના શાળા છોડ્યાના પ્રમાણપત્રના નંબર તારીખ **(નકલ સામેલ રાખવી)** | : | |
| ૧૩ | તા.૧/૪/૧૯૭૮ પહેલાના જાતિ અને વતન અંગેના અન્ય જે પુરાવા હોય તે. : **(નકલ સામેલ રાખવી)** | | |

| ક્રમ | **જેનો પુરાવો/ પ્રમાણપત્ર હોય તમનું પુરૂં નામ** | **પુરાવાની વિગત (એલ.સી, દસ્તાવેજ, હક્કપત્રકની નોંધ વગેરે જે હોય તે)** | **પુરાવાના નંબર/ ઇસ્યુ તારીખ** | **જેનો પુરાવો રજૂ કરેલ છે તેનો ઉમેદવાર સાથે સબંધ** |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |

| | | | |
|---|---|---|---|
| ૧૪ | જો ઉમદવારના પિતા/દાદા અન્ય રાજ્યમાંથી ગુજરાતમાં આવીને વસ્યા હોય તો, **(મૂળ ગુજરાત રાજયના વતનીના કિસ્સામાં આ વિગતો જરૂરી નથી)** | | |
| | (અ) | મૂળ વતનની વિગત :- | |
| | | ગામ : | |
| | | તાલુકો : | |
| | | જિલ્લો : | |
| | | રાજ્ય : | |
| | (બ) | પિતા કે દાદા પૈકી કોણ ગુજરાત રાજ્ય ખાતે આવીને વસ્યા છે . :- | |
| | (ક) | કયા વર્ષથી ગુજરાત રાજ્ય ખાતે આવીને વસ્યા છે. | |
| | (ડ) | ગુજરાતમાં કાયમી વસવાટના સમર્થનમાં પુરાવાઓ : **(નકલ સામેલ રાખવી)** | |

| | ક્રમ | જેનો પુરાવો/ પ્રમાણપત્ર હોય તેમનું પુરૂં નામ | પુરાવાની વિગત | પુરાવાના નંબર/ તારીખ | જેનો પુરાવા રજૂ કરેલ છે તેનો ઉમેદવાર સાથે સબંધ |
|---|---|---|---|---|---|
| | ૧ | | | | |
| | ૨ | | | | |
| | ૩ | | | | |

અમારા દ્વારા રજુ કરવામાં આવેલ ઉકત વિગતો અને આધાર-પુરાવા સાચા છે, તેમાં કોઇપણ પ્રકારના સુધારા-વધારા કે ફેરફાર કરવામાં આવેલ નથી, તેની આથી બાંહેધરી આપીએ છીએ. ભવિષ્યમાં આ વિગતો કે પુરાવા ખોટા પુરવાર થશે તો તે અંગેની જવાબદારી અમારી રહેશે.

તારીખ : ઉમેદવારની સહી : ..........................................

સ્થળ :

**સંબંધિત ખાતા/કચેરીના અધિકૃત કરેલા અધિકારીનું પ્રમાણપત્ર**

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ઉમેદવારશ્રી/શ્રીમતી/કુ. ..................................................એ આ ફોર્મ સાથે જે આધાર- પુરાવાની નકલો રજુ કરેલી છે તે તમામની તેના અસલ ( Original) પત્રો/દસ્તાવેજો સાથે ચકાસણી કરવામાં આવી છે અને તે બરાબર જણાયેલ છે. રજુ થયેલ નકલોમાં કોઇ તફાવત કે સુધારા-વધારા થયેલા જણાયેલ નથી.

તારીખ : અધિકૃત અધિકારીની સહી : ..........................................

સ્થળ : અધિકારીનું નામ અને હોદ્દો : ..........................................

કચેરીનો સિક્કો :

**(નોંધ : ઉમેદવાર તરફથી કોઇ ચોકકસ અસલ ( Original) પત્રો/દસ્તાવેજો રજુ થયેલ ન હોય અથવા તફાવત જણાયેલ હોય તો તેની સ્પષ્ટ વિગતો આ પ્રમાણપત્રમાં જણાવવી)**

<u>સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રની ચકાસણી માટે</u>
<u>ઉમેદવારે વિગતો રજૂ કરવા અંગે ધ્યાને લેવાની સૂચનાઓ</u>

૧. ઉમેદવારે નિયત ફોર્મમાં વિગતો ભરી, સહી કરી નીચે દર્શાવેલ પૈકી લાગુ પડતાં અને જરૂરી આધારોની સ્વપ્રમાણિત નકલો સહિત, જે ખાતાની જગ્યા માટે પસંદગી થયેલ હોય તે ખાતા મારફત રજુ કરવાનું રહેશે.

૨. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અંગેના જાતિ પ્રમાણપત્રની ચકાસણી માટે ઉમેદવારે રજુ કરવાપાત્ર આધાર- પુરાવા.

૩. ઉમેદવારના જાતિ અને શાળાકીય પુરાવા (જેમા જાતિ દર્શાવવામા આવેલ હોય)

(૧) ઉમેદવારનું સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું જાતિ પ્રમાણપત્ર.

(૨) ઉમેદવારના ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ના શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અથવા વયપત્રકનો ઉતારો.

(૩) ઉમેદવારના પિતાશ્રીના શાળા છોડ્યાના પ્રમાણપત્ર અને ધોરણ-૧નો વયપત્રકનો ઉતારો.

(૪) ઉમેદવારની સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિ/પેટા જાતિ બતાવવામાં આવી હોય તેવા તા.૦૧/૦૪/૧૯૭૮ કે તે પહેલાંના પિતા સિવાયના પિતૃપક્ષના આધારો એટલે કે કાકા /ફોઇ /દાદા /પરદાદાનું શાળા છોડયાનું પ્રમાણપત્ર અને ધોરણ – ૧ ની શાળાનો વયપત્રકનો ઉતારો તેમજ તલાટી કમ મંત્રી/ રેવન્યુ તલાટી સમક્ષનું પેઢીનામું રજૂ કરવાનું રહેશે. (આવા આધાર-પુરાવાની વિગત ફોર્મના ક્રમ:-૧૩માં દર્શાવવી)

(૫) ઉમેદવારની સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિ/પેટા જાતિ બતાવવામાં આવી હોય તેવા તા.૦૧/૦૪/૧૯૭૮ કે તે પહેલાંના પિતૃપક્ષના એટલે કે કાકા /ફોઇ /દાદા / પરદાદાના મહેસૂલી રેકર્ડ(જેમા જાતિ દર્શાવવામા આવેલ હોય) જેવા કે,

(i) ૬-અ મુળ હક્કપત્રકની નોંધો.

(ii) જુના ૭/૧૨ના ઉતારા.

➢ જમીન, મકાન કે અન્ય સરકારી વ્યવહાર માટે કરેલ કાગળો (જેમા જાતિ દર્શાવવામા આવેલ હોય) જેવાકે,

(i) જમીન મકાનના દસ્તાવેજો.

(ii) પૈસા/જમીનની આપ-લેના દસ્તાવેજો.

(iii) જન્મ - મરણની નોંધણી.(ગામ નમૂનો નંબર ૧૪)

(iv) વિવિધ વેરા જેવા કે પાણી વેરા અથવા મકાન વેરાની પાવતીઓ, જુના કોર્ટ કેસ કે પોલીસ કેસને લગતા આધારો.

(v) સરકારી/અર્ધસરકારી/સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સેવામાં જોડાયેલ હોય તો સેવાપોથીના પ્રથમ પાના કે જેમા જાતિ દર્શાવી હોય.

(૬) મૂળ ગુજરાત રાજ્યના વતની ન હોય તેવા અન્ય રાજ્યોમાંથી સ્થળાંતર થયેલ આ ઉમેદવારના કિસ્સામાં તેઓના પિતા/દાદા/સીધી લીટીના વડવાઓ તા.૦૧/૦૪/૧૯૭૮ પહેલાથી ગુજરાત રાજ્યમાં કાયમી વસવાટ ધરાવે છે તે પુરવાર થાય તેવા રેશનકાર્ડ, મતદાર યાદી, નોકરી, ધંધા, વેરા, સ્થાવર મિલકતની ખરીદ-વેચાણ કે માલિકી અંગેના પુરાવા અથવા અન્ય સરકારી રેકર્ડ આધારિત પુરાવા. (આવા આધાર-પુરાવાની વિગત ફોર્મના ક્રમ:-૧૪ (ડ) માં દર્શાવવી.

(૭) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિ પુરવાર થાય તેવા અગત્યના Probative Value ધરાવતા અન્ય જે કોઈ આધાર/પુરાવા હોય તે.

(૮) ઉમેદવારનું હાલનું સરનામુ દર્શાવતું સરકારી ઓળખપત્ર (દા.ત. આધારકાર્ડ, ચુંટણી કાર્ડ વગેરે).

(૯) ઉમેદવારના પિતાનું સરકારી ઓળખપત્ર ( દા.ત.આધારકાર્ડ, ચુંટણી કાર્ડ વગેરે).

(૧૦) ઉપરોક્ત આધાર/પુરાવાઓ પૈકી કોઈ પણ આધાર/પુરાવા પિતા સિવાયના પિતૃપક્ષના અન્ય સબંધીઓ જેમ કે, પરદાદા/દાદા/કાકા/ફોઈ વગેરેના હોય તો તલાટી કમ મંત્રી/ રેવન્યુ તલાટી સમક્ષનું પેઢીનામું રજૂ કરવાનું રહેશે.

(૧૧) કોઇ કિસ્સામાં અસલ આધારો વેરીફીકેશન માટે રૂબરૂ રજૂ કરવા જણાવવામાં આવે તો નિયત તારીખ અને સમયે રૂબરૂ ઉપસ્થિત થવાનું રહેશે.

(૧૨) ઉમેદવાર દ્વારા જે કોઇ આધાર-પુરાવા રજૂ કરવામાં આવે તેની પ્રાથમિક ચકાસણી થયા બાદ જરૂર જણાય તેવા કિસ્સામાં વધારાના આધાર-પુરાવા રજૂ કરવા સૂચવવામાં આવે તો ઉમેદવારે વધુ આધાર-પુરાવા (રૂબરૂ અથવા ટપાલ મારફત, જે રીતે જણાવવામાં આવે તે રીતે) રજૂ કરવાના રહેશે.

------------------------------------------ 0 ------------------------------------------